# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-06-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં 231 મૃતકોનાં ડીએનએ નમૂના મેચ થયા, જેમાંથી 210 પરિવારોને તેમના સ્વજનોને પાર્થિવ દેહ સોંપવામાં આવ્યા**
2. **આવતી કાલે વડનગરમાં 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાશે**
3. **કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે NAFED ટૂંક સમયમાં ખેડૂતો પાસેથી સીધી ખરીદી શરૂ કરશે**
4. **આવતી કાલે રાજ્યની 8,326 ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન યોજાશે.**
5. **આગામી બે દિવસ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે, ત્યારબાદ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AHMEDABAD PLANE CRASH DNA

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધી 231 મૃતકોનાં ડીએનએ નમૂના મેચ થયા છે, જેમાંથી 210 પરિવારોને તેમના સ્વજનોના પાર્થિવ દેહ સોંપવામાં આવ્યા છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, 10 મૃતદેહો લઈ જવા માટે પરિવારજનો સાથે વાતચીત ચાલી રહી છે. ત્રણ મૃતદેહોનું પોસ્ટમોર્ટમ થવાનું બાકી છે.

તેમણે જણાવ્યું કે, 16 મૃતદેહો વિમાન માર્ગે અને 194 મૃતદેહો રોડ માર્ગે લઈ જવામાં આવ્યા છે.

**(byte dr. rakesh joshi)**

. . . . . . . . . . .

# Rupani obituary

આજે ગાંધીનગરમાં પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણીની શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી, જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સહિતનાં ભાજપનાં નેતાઓ હાજર રહ્યા હતા.

દરમિયાન, કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ આવતી કાલે ગાંધીનગર ખાતે સ્વર્ગસ્થ રૂપાણીને શ્રદ્ધાંજલિ આપશે.

. . . . . . . . . . .

# YOG DAY EVENING

આવતી કાલે 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી વડનગરમાં કરવામાં આવશે. વડનગરના 11 સ્થળો પર કુલ 11 હજાર લોકો યોગમાં જોડાશે. મુખ્ય કાર્યક્રમ શર્મિષ્ઠા તળાવ ખાતે યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અમદાવાદ ખાતે પ્રહલાદ નગર ગાર્ડન ખાતે યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. રાજકોટમાં કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની ઉજવણી થશે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા આવતી કાલે સવારે છ વાગે વિધાનસભા સામે સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જ્યારે તમામ મંત્રીઓ અલગ અલગ જિલ્લામાં યોગના કાર્યકમમાં ઉપસ્થિત રહેશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં 311 જેટલી જગ્યાએ યોગના કાર્યક્રમ યોજાશે જેમાં 10 હજાર જેટલા લોકો ભાગ લેશે.

સ્વથ્ય ગુજરાત મેદસ્વીતા મુક્ત ગુજરાત વિષય વસ્તુ સાથે યોજાનાર યોગ દિવસની ઉજવણીનો વિશ્વ વિક્રમ સર્જવામાં આવશે. યોગ દિવસની ઉજવણી અંગે શ્રી રાજપુતે વધુ માહિતી આપીઃ

(BYTE - SHISHPAL RAJPUT)

દરમિયાન, વિવિધ જિલ્લાઓમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા આવતી કાલે સવારે ચાચર ચોક ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. નર્મદા જિલ્લામાં યોગ દિવસની ઉજવણી રાજપીપળા સ્પોર્ટ્સ સંકુલ ખાતે ઉજવાશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાકક્ષાના વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ પોલિસ પરેડ ગ્રાઉન્ડ-ખંભાળીયા ખાતે યોજાશે. દેવભૂમિ દ્વારકાના કલેક્ટર રાજેશ તન્નાએ વધુ માહિતી આપીઃ

**(BYTE - RAJESH TANNA, DWARKA COLLECTOR)**

સુરેન્દ્રનગર જિલ્લાના વિશ્વપ્રસિધ્ધ ધાર્મિક તીર્થસ્થાન ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર -તરણેતર પરિસરમાં અને ચોટીલા ડુંગર ખાતે મંદિર પરિસરમાં યોગ નિદર્શન કરવામાં આવ્યું.

ગીર સોમનાથમાં પણ વેરાવળ ચોપાટી ખાતે યોગ દ્વારા જાગૃતિ ફેલાવવા બહેનો દ્વારા યોગ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

મોરબીમાં જિલ્લા સ્તરીય કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જ્યારે નગરપાલિકા સ્તરનો કાર્યક્રમ મણિ મંદિર ખાતે યોજાશે. આ વર્ષનાં યોગ દિવસની વિષયવસ્તુ છે ‘એક વિશ્વ, એક સ્વાસ્થ્ય માટે યોગ’.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# Yog Day Akashvani Interview

વિશ્વ યોગ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં આકાશવાણી અમદાવાદ ખાતે આજે યોગાભ્યાસ કાર્યક્રમ યોજાઇ ગયો, જેમાં અમદાવાદની લકૂલિશ યોગ યુનિવર્સિટીના સહાયક પ્રોફેસર સત્યજિતસિંહ ઝાલાએ આકાશવાણીના અધિકારીઓ કર્મચારીઓને વિવિધ યોગાસન અને પ્રાણાયામ અંગે તાલીમ આપી હતી. તેમણે શરીર અને મનને સ્વસ્થ્ય રાખવા માટે નિયમિત યોગ કરવા અનુરોધ કર્યો હતો.

યોગની શરૂઆત કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપતાં, તેમણે આ મુજબ જણાવ્યું.

(BYTE SATYAJIT SINH JHALA)

આ કાર્યક્રમનું પ્રસારણ આવતી કાલે આકાશવાણી પરથી બપોરે 2.40થી 2.55 દરમિયાન કરવામાં આવશે.

. . . . . . . . . . .

# Amit Shah- NAFED

કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કૃષિ સહકારી માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (નાફેડ) ટૂંક સમયમાં ખેડૂતો પાસેથી સીધી ખરીદી શરૂ કરશે, જે કૃષિ ઉત્પાદન પ્રક્રિયામાં વચેટિયાઓની ભૂમિકાને દૂર કરશે. તેઓ આજે મુંબઈમાં આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે રાષ્ટ્રીય સેમિનારને સંબોધિત કરી રહ્યા હતા.

શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પગલું ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ મેળવવામાં મદદ કરશે. સરકાર ટૂંક સમયમાં સહકારી મોડેલ પર આધારિત વીમા કંપની શરૂ કરશે.

આ પ્રસંગે, નાફેડના નવા ઉત્પાદનો બજારમાં લોન્ચ કરવામાં આવ્યા હતા અને મહાનુભાવોએ પાંચ કૃષિ ઉત્પાદન કંપનીઓને અનુદાન અને શેરનું વિતરણ પણ કર્યું હતું.

. . . . . . . . . . .

# GRAM PANCHAYAT ELECTION

રવિવારે રાજ્યના 33 જિલ્લામાં 8,326 ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન યોજાશે. આમાંથી 4 હજાર 688 પંચાયતો માટે નિયમિત ચૂંટણી અને 3 હજાર 638 પર પેટાચૂંટણી યોજાશે.

પ્રસ્તુત છે આ અંગેનો એક અહેવાલ....

(વોઇસકાસ્ટ – અનિલ પટેલ)

(આવતીકાલે  રાજ્યમાં કુલ પાંચ હજારથી વધુ સરપંચોની બેઠક પર મતદાન થશે. આ માટે  44 હજાર 850 વોર્ડમાં 16 હજાર 500 મતદાન મથકોની વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજ્યનાં એક કરોડ 30 લાખથી વધુ મતદારો મત્તાધિકારનો ઉપયોગ કરશે. 27 ટકા OBC અનામત લાગુ થયા બાદ પ્રથમવાર પંચાયતની ચૂંટણી યોજાઇ રહી છે. સવારે સાત વાગ્યે મતદાન શરૂ થશે અને સાંજે છ વાગે પૂર્ણ થશે. મત ગણતરી 25મી જૂને હાથ ધરાશે.

દરમિયાન, ગઈ કાલે યોજાયેલી વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં બે મતદાન મથકો પરનું મતદાન રદ કરવામાં આવ્યું છે.

ચૂંટણી પંચની યાદી પ્રમાણે હવે માલીડા અને નવા વાઘણિયા મતદાન મથકો પર આવતી કાલે સવારે સાતથી સાંજનાં છ વાગ્યા દરમિયાન પુનઃમતદાન કરવામાં આવશે.  )

. . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં ચાર દિવસ ભારેથી અતિભારે વરસાદ બાદ આજે મર્યાદિત તાલુકાઓમાં નહીંવત વરસાદ પડ્યો હતો.

**રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 14 ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ 20 ટકા વરસાદ સૌરાષ્ટ્રમાં વરસ્યો છે. છેલ્લાં 24 કલાકમાં વાપી તાલુકામાં સાત ઇંચ અને પારડી તાલુકામં પાંચ ઇંચ વરસાદ પડ્યો છે.**

**સરદાર સરોવર બંધ તેની કુલ સંગ્રહક્ષમતાનો 51 ટકા ભરાઈ ચૂક્યો છે. આજે બપોરની સ્થિતિએ 14 ડેમ હાઇ એલર્ટ પર અને 11 ડેમ એલર્ટ પર છે.**

હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી બે દિવસ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે. બે દિવસ બાદ દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે.

આવતીકાલે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં હળવાથી મધ્યમ વરસાદ માટેનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી દિવસોમાં અમદાવાદ અને ગાંધીનગરમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે.

વધુ માહિતી આપે છે હવામાન વિભાગના નિયામક ડો. એ કે દાસ

(BYTE DR. A K DAS)

. . . . . . . . . . .

# Provisional Answer Key

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૧૫ જૂનના રોજ લેવાયેલ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની Provisional Answer Key આજે ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર જાહેર થઇ છે. આ લેખિત પરીક્ષામાં ૨,૩૭,૦૦૦ જેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા.

ઉમેદવારોને Provisional Answer Keyમાં અપાયેલા જવાબની સામે વાંધા કે રજુઆત હોય તો તારીખ ૨૦ જૂન ના બપોરે 4 વાગ્યાથી તારીખ ૨૩ જૂન ૨૦૨૫ ના રાત ના 11 વાગીને ૫૯ મિનિટ સુધીમાં ઓનલાઇન વાંધા કે રજુઆત મોકલી શકશે.

ઓનલાઇન સિવાય અન્ય કોઈ પણ રીતે મોકલવામાં આવેલ તથા તારીખ કે સમય વીતી ગયા બાદ મળેલ વાંધા/રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

. . . . . . . . . . .

# AIRINDIA FLIGHTS CANCEL

એર ઇન્ડિયાએ "જાળવણી અને સંચાલનના કારણોસર આઠ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ રદ કરી છે. એર ઇન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે સ્થાનિક ઊડ્ડયનોમાં એરલાઇને પુણેથી દિલ્હી, અમદાવાદથી દિલ્હી, હૈદરાબાદથી મુંબઈ અને ચેન્નાઈથી મુંબઈની ફ્લાઇટ્સ રદ કરી છે.

એર ઈન્ડિયા દ્વારા ટિકિટ રદ કરવા પર સંપૂર્ણ રિફંડ આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને રસ ધરાવતા મુસાફરોને મફત રિશીડ્યુલિંગની સુવિધા પણ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત,

એરલાઈને મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા ફ્લાઇટની સ્થિતિ ચકાસવાની સલાહ પણ આપી છે.

. . . . . . . . . . .